For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ગાજરાવાડી STP પ્લાન્ટ પર GPCB અને માનવ અધિકાર આયોગની તપાસ

**સંયુક્ત** કમિટી દ્વારા પ્લાન્ટનું સઘન નિરીક્ષણ: VMCના ઉચ્ચ અધિકારીઓ પણ નિરીક્ષણમાં જોડાયા; નવા 130 MLD પ્લાન્ટનું નિર્માણ કાર્ય ચાલુ



(પ્રતિનિધિ) વડોદરા તા.5

શહેરના ગાજરાવાડી સ્થિત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરી અને પર્યાવરણીય ધોરણોની ચકાસણી કરવાના ઉદ્દેશ્યથી આજે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને ગુજરાત માનવ અધિકાર આયોગ દ્વારા ગઠિત સંયુક્ત કમિટીએ પ્લાન્ટનું વિસ્તૃત અને સઘન નિરીક્ષણ હાથ ધર્યું હતું. પ્લાન્ટની કાર્યક્ષમતા અને નિયમોના પાલનને લઈને ઉઠેલા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ તપાસ કરવામાં આવી હતી.

ગાજરાવાડી STP પ્લાન્ટ જે 2001માં કાર્યરત થયું હતું તેના પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું, કારણ કે શહેરના કુલ 13 જેટલા STP પૈકી આ એક પ્લાન્ટ જૂનો હોવાથી તેના કાર્યક્ષમતામાં ખામી હોવાની સંભાવના છે. કમિટીના સભ્યોએ પ્લાન્ટના વિવિધ યુનિટ્સ, સંપૂર્ણ ટ્રીટમેન્ટ પ્રક્રિયાઓ, અને અંતિમ શુદ્ધિકરણ બાદ છોડવામાં આવતા પાણીની ગુણવત્તાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણનો મુખ્ય હેતુ GPCBના 2018-19થી અમલમાં આવેલા નવા પેરામીટર મુજબ પ્લાન્ટ કાર્યરત છે કે નહીં તે ચકાસવાનો અને જો કોઈ ખામી કે અનિયમિતતા હોય તો તેને શોધી કાઢવાનો છે, જેથી ગેરકાયદેસર પ્રદૂષણ અટકાવી શકાય અને માનવ અધિકારોનું રક્ષણ થઈ શકે.

VMC દ્વારા કમિટીને ખાતરી આપવામાં આવી હતી કે હાલમાં કાર્યરત આ STP ની બાજુમાં જ નવું 130 MLD ક્ષમતાનો પ્લાન્ટ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ નવો પ્લાન્ટ તૈયાર થઈ ગયા બાદ જૂના STP ને બંધ કરી દેવામાં આવશે અને તમામ સુએઝ ટ્રીટમેન્ટ નવા પ્લાન્ટ દ્વારા કરીને શુદ્ધ પાણી લોકોને પૂરું પાડવામાં આવશે. કમિટી દ્વારા માત્ર ગાજરાવાડી જ નહીં, પરંતુ શહેરના તમામ તેર STPનું પણ વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવશે.

### નિયમોનું ઉલ્લંઘ જણાશે તો કાર્યવાહી કરાશે

સંયુક્ત કમિટી ટૂંક સમયમાં પોતાનો વિગતવાર અહેવાલ GPCB અને માનવ અધિકાર આયોગ સમક્ષ રજૂ કરશે. આ અહેવાલના આધારે પ્લાન્ટની કામગીરીમાં સુધારા કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવી શકે છે, તેમજ જો નિયમોનું ઉલ્લંઘન જણાશે તો સંબંધિત પક્ષો સામે કાયદેસરની કાર્યવાહી પણ થઈ શકે છે. - **માર્ગી પટેલ,** રિજનલ ઓફિસર GPCB

### જીપીસીબી અને સંયુક્ત કમિટીનું નિરીક્ષણ અત્યંત આવશ્યક પગલું

અમારા તમામ STP પ્લાન્ટ્સ GPCB દ્વારા નિર્ધારિત નવા પર્યાવરણીય ધોરણોનું કડકપણે પાલન કરે તે સુનિશ્ચિત કરવા માટે સંયુક્ત કમિટીનું આ નિરીક્ષણ અત્યંત આવશ્યક છે. ગાજરાવાડી ખાતે હાલના જૂના પ્લાન્ટની બાજુમાં 130 MLD નો નવો પ્લાન્ટ યુદ્ધના ધોરણે તૈયાર થઈ રહ્યો છે, જે વડોદરા શહેરની સુએઝ ટ્રીટમેન્ટ ક્ષમતામાં મોટો સુધારો લાવશે અને પર્યાવરણની જાળવણી માટેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# મનપામાં 'માસ CL'નો સન્નાટો ત્રાહિત વ્યક્તિઓથી ત્રાહિમામ થઈ અધિકારી-કર્મચારીઓ હડતાળ પર!

**હડતાળ** પાછળના અસલી કારણોનો ટૂંક સમયમાં જ ખુલાસો કરીશું



### પાલિકા કોઈના પિતાશ્રીની અંગત પેઢી નથી કે મનફાવે તેમ નિર્ણય લેવાય

મહાનગરપાલિકાએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે તે કોઈના પિતાશ્રીની અંગત પેઢી નથી કે મન ફાવે તેમ નિર્ણય લે, પાલિકાની કામગીરી એસેન્શિયલ સર્વિસીસ એક્ટ થી ગવર્નર થાય છે અને તેથી આ રીતે સામૂહિક રજા પર ઉતરી જાવ યોગ્ય નથી. આ બાબતની જાણ થતા કમિશનર પણ પોતાના પિતાશ્રી ની બીમારીના કારણે રજા પર ગયા છે તેઓને કોલ પણ કર્યા છે તેમ જ મેસેજ પણ નાખ્યા છે હજુ સુધી એમના તરફથી કોઈ રીપ્લાય મળેલ નથી. કમિશનર થકી ગરબાના આયોજન તેમજ દિવાળીના તહેવારોમાં લાખોનો ખર્ચો કર્યો છે તેનો પણ તેઓએ જવાબ આપવો જોઈએ તેવું મારું માનવું છે. માસ સીએલ પર ઉતરેલા અધિકારીઓનું કહેવું છે કનડગત તેમજ બહારના વ્યક્તિઓથી તથા આરટીઆઈ એક્ટિવિસ તરફથી માનસિક ત્રાસ હોય જેને લઈને તેઓ ત્રાહિમામ પોકારી ગયા હતા જેને લઈને તેઓએ સામૂહિક માસ સીએલ લઈ તમામ કામગીરી બંધ રાખેલ છે. કોઈના કહેવા પર કોઈના ઈશારે આ રજા પર ઉતરવાનું નક્કી કરાયું હોય તેમ લાગી રહ્યું છે અમે આ હડતાલ પાછળના અસલી કારણોનો ટૂંક સમયમાં જ ખુલાસો કરીશું.

- **શીતલ મિસ્ત્રી,** અધ્યક્ષ, સ્થાયી સમિતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મહાનગર પાલિકા ની વડી કચેરીમાં આજે અસામાન્ય શાંતિ અને સન્નાટો છવાયો હતો. ત્રાહિત વ્યક્તિઓ દ્વારા કચેરીના કર્મીઓને થતી કનડગત અને ત્રાસના વિરોધમાં પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ માસ કેઝ્યુઅલ લીવ (CL) પર ઉતરી જતાં, કાયમ ધમધમતી કચેરી આજે સુમસામ જણાઈ હતી.

આ વિરોધનું મૂળ ગુરુવારે પાલિકાના વર્ગ 1ના અધિકારીઓ દ્વારા મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુને આપવામાં આવેલા આવેદનપત્રમાં રહેલું છે. આ આવેદનપત્રમાં સ્પષ્ટ જણાવાયું હતું કે રોજિંદી કામગીરીમાં ત્રાહિતોના દખલ અને મુશ્કેલીઓના કારણે ભારે વિક્ષેપ પડે છે, જેનાથી નિયત કામકાજમાં વારંવાર અડચણો ઊભી થાય છે. અધિકારીઓએ ચેતવણી આપી હતી કે જો આ સમસ્યાનો તાત્કાલિક ધોરણે કોઈ નિર્ણય નહીં આવે, તો તેઓ માસ સીએલ પર ઉતરી જશે.

આ ચીમકી આજે સવારથી જ હકીકતમાં પરિણમી. વડોદરા મનપાની વડી કચેરી ખંડેરાવ માર્કેટની તમામ ઓફિસો સવારના નિયત સમયથી જ સૂમસામ જોવા મળી હતી. રોજિંદા સમય દરમિયાન હાજર થઈ જતા કર્મચારીઓ પૈકી કોઈ આજે દેખાયું નહોતું. આમ, તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માસ સી.એલ. પર ઉતરી ગયાનું સ્પષ્ટ ફલિત થયું હતું.

કર્મચારીઓ અને અધિકારીઓનો આ સામૂહિક વિરોધ દર્શાવે છે કે કચેરીના કામકાજમાં ત્રાહિત વ્યક્તિઓનો હસ્તક્ષેપ હવે અસહ્ય બની ગયો છે. પાલિકાના વહીવટી તંત્ર પર હવે આ મુદ્દે તાત્કાલિક અને કડક પગલાં લેવાનું દબાણ વધ્યું છે, જેથી કચેરીનું સુચારુ સંચાલન ફરી શરૂ થઈ શકે.

### માસ સીએલનો નિર્ણય સદંતર ગેરવ્યાજબી

વડોદરા મહાનગર પાલિકાના ક્લાસ વન અધિકારીઓ દ્વારા કરવામાં આવેલું આ ખોટું આંદોલન અને માસ સીએલનો નિર્ણય સદંતર ગેરવ્યાજબી છે. આ અધિકારીઓ પ્રજાના ટેક્સના નાણાંનો દુરુપયોગ કરી રહ્યા છે અને સરકાર દ્વારા મળતા વેતનનો પણ અયોગ્ય ઉપયોગ કરી રહ્યા છે. તેમનો આ પગલું સ્પષ્ટ દર્શાવે છે કે તેઓ પોતાની ફરજ નિભાવવા સક્ષમ નથી અને માત્ર મ્યુનિસિપલ કમિશનર પર દબાણ લાવવા માગે છે. વિશ્વ હિન્દુ યુવા સાંસ્કૃતિક સંગઠન રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે મારી ગુજરાત સરકાર સમક્ષ કડક માંગણી છે કે જે અધિકારીઓ ખોટી રીતે માસ સીએલ પર ઉતરીને પ્રજાના ટેક્સના નાણાં બરબાદ કરી રહ્યા છે, તેમને તાત્કાલિક ધોરણે બરતરફ કરવામાં આવે. - **નિલેશ વસઈકર,** રાષ્ટ્રીય અધ્યક્ષ, વિશ્વ હિન્દુ યુવા સાંસ્કૃતિક સંગઠન

### પાલિકાની કચેરીમાં અધિકારીઓ ગાયબ

» કાયમ ધમધમતી પાલિકાની વિવિધ ઓફિસોમાં શુક્રવારે માત્ર કર્મચારીઓ જ નહીં, પણ ઉચ્ચ અધિકારીઓની ખુરશીઓ પણ ખાલી હતી.

» મુખ્ય સિટી એન્જિનિયર અને એડિશનલ સિટી એન્જિનિયર સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓની ઓફિસોમાં પણ કોઈ હાજર નહોતું.

» તો વળી, એડિશનલ સિટી એન્જિનિયરની ઓફિસમાં તો રીતસરનો અંધારપટ છવાયેલો જોવા મળ્યો હતો.

#### ગાર્ડનની જગ્યાએ 'વુમન્સ હોસ્ટેલ' બનશે તો 'લવ જેહાદ' વધશે!

# પાલિકાની પલ્ટી: સુભાનપુરા ગાર્ડન એક્સસ્ટેન્શનના વાયદામાંથી યુ-ટર્ન!

**સ્થાનિકોનો** ઉગ્ર વિરોધ, 'શ્વાસ ન છીનવો'ની લાગણીસભર અપીલ



(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા એક તરફ વધતા હવા પ્રદૂષણ ને કારણે વડોદરાવાસીઓનો દમ ઘૂંટાઈ રહ્યો છે અને શહેરને શુદ્ધ હવા આપતા બાગ-બગીચાઓની તાતી જરૂરિયાત છે, ત્યાં જ સુભાનપુરા વિસ્તારના એકમાત્ર ગાર્ડન પર વડોદરા મહાનગર પાલિકા ની નજર બગડી હોવાનું જણાઈ રહ્યું છે. પાલિકાએ અગાઉ આ ગાર્ડનને એક્સસ્ટેન્ડ કરવાના આપેલા વાયદાઓથી પલ્ટી મારી છે, અને હવે બગીચાની નજીકની પાલિકાની જગ્યામાં વુમન્સ વર્કિંગ હોસ્ટેલ બનાવવાની હિલચાલ શરૂ કરી છે.

પાલિકાના આ નિર્ણયથી રોષે ભરાયેલા સુભાનપુરા ગાર્ડનના મોર્નિંગ વોકર્સ, સિનિયર સિટીઝન્સ અને આસપાસની સોસાયટીના રહીશોએ શુક્રવારે વહેલી સવારે એકઠા થઈને સખત વિરોધ નોંધાવ્યો હતો. આ લોકોએ પાલિકાએ બોલીને ફોક કર્યું હોવાની લાગણી વ્યક્ત કરી હતી અને બગીચાની બહાર સૂત્રોચ્ચાર કરીને વર્કિંગ વુમન્સ હોસ્ટેલના પ્રસ્તાવને રદ કરવાની માંગ કરી હતી.

સ્થાનિકોનું કહેવું છે કે, વડોદરામાં પહેલેથી જ ગાર્ડન્સની અછત છે. આ ગાર્ડનમાં પહેલેથી જ પાર્કિંગ અને ડમ્પિંગ જેવી તકલીફો છે, ત્યારે જો વર્કિંગ વુમન્સ હોસ્ટેલ બનશે તો બાગ-બગીચાઓનું મહત્વ ઘટી જશે. સિનિયર સિટીઝનોએ ભાવુક અપીલ કરતાં કહ્યું કે, "અમે વડોદરાને ઘણું આપ્યું છે. અમારી વિનંતી છે કે અમારા થોડા શ્વાસ બચ્યા છે, તે તો ન છીનવો!"

હોસ્ટેલના વિરોધ પાછળ એક ગંભીર સામાજિક દહેશત પણ વ્યક્ત કરવામાં આવી છે. વિરોધ કરી રહેલા લોકોએ ચિંતા વ્યક્ત કરી હતી કે વુમન્સ વર્કિંગ હોસ્ટેલ બનવાથી વિસ્તારમાં 'લવ જેહાદ' જેવા બનાવો વધવાની શક્યતા છે. આ પ્રકારની હોસ્ટેલ આસપાસના સામાજિક વાતાવરણ પર નકારાત્મક અસર કરશે તેવો ડર સ્થાનિકોમાં પ્રવર્તી રહ્યો છે.

આ તમામ વિરોધ વચ્ચે, રહીશોએ તેમની મૂળ માંગને ફરી દોહરાવી છે: વર્કિંગ વુમન્સ હોસ્ટેલનો પ્રસ્તાવ રદ કરીને પાલિકાએ અગાઉના વાયદા મુજબ સુભાનપુરા ગાર્ડનને તાત્કાલિક એક્સસ્ટેન્ડ કરવો જોઈએ, જેથી શહેરને શુદ્ધ હવા અને નાગરિકોને સ્વાસ્થ્યપ્રદ વાતાવરણ મળી રહે. પાલિકા હવે જાહેર જનતાની આ લાગણીઓ અને જરૂરિયાતોને ધ્યાને લઈને શું નિર્ણય લે છે, તેના પર સૌની નજર ટકેલી છે.

## NDPSના ગુનાના આરોપીની રેગ્યલુર જામીન અરજી નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં આવેલી લાભ રેસિડન્સીમાં રહેતા અનિલ રામજી પરમારની એનડીપીએસના ગુનામા ગત 20 જુન 2024ના રોજ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ પોલીસે કોર્ટમાંથી આરોપીની વધુ પૂછપરછ કરવા માટે રિમાન્ડ મેળવ્યાં હતા. પરંતુ રિમાન્ડ પુરા થતા મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. ત્યારે આરોપી જામીન મુક્ત થવા માટે વકીલ મારફતે રેગ્યલુર જામીન અરજી રજૂ કરાવી હતી. જેના સુનાવણી 4 ડિસેમ્બરના રોજ યોજાઈ હતી. જેમાં સરકાર તથા આરોપીના વકીલ દ્વારા સાસામે ધારદાર દલીલો કરાઈ હતી. 6ઠ્ઠા એડિશ્નલ સેશન્સ જજ પ્રશાંત નરેન્દ્રકુમાર રાવલે બંને વકીલોની દલીલોને ધ્યાને લઈ આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે.

#### ગોકળગતિએ ચાલતી કામગીરીને પગલે સ્થાનિક રહીશો પરેશાન

# જાગતા હનુમાન ચાર રસ્તા પાસે લાઈનમાં ભંગાણ થતા હજારો લીટર પાણીનો વેડફાટ



(પ્રતિનિધિ) વડોદરા,તા.5

કમલાનગર તળાવ નજીક આવેલા જાગતા હનુમાન ચાર રસ્તા પાસે છેલ્લા 15 દિવસથી પાણીની લાઈનમાં ભંગાણ પડ્યું છે. લાંબા સમયથી કામગીરી ચાલી રહી છે. છતાં પાણીની લાઈનની મરામતની કામગીરી કરવામાં નહીં આવતા દરરોજ હજારો લિટર પીવાના પાણીનો વેડફાટ થઈ રહ્યો છે.


વડોદરા મહાનગર પાલિકામાં એક સાંધે ત્યાં તેર તૂટે જેવો ઘાટ સર્જાયો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની લાઈનોમાં ભંગાણ પડવાનો સિલસિલો આજે પણ યથાવત જોવા મળી રહ્યો છે. વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નંબર ચારમાં સમાવિષ્ટ કમલાનગર તળાવ નજીક જાગતા હનુમાન ચાર રસ્તા પાસે છેલ્લા ઘણા સમયથી કોર્પોરેશન દ્વારા કામગીરી ચાલી રહી છે, તેવામાં છેલ્લા 15 દિવસથી પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડ્યું છે. જેને મરામતની પણ તસ્દી લેવામાં નહીં આવતા દરરોજ હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. બીજી તરફ રોડ પર ગોકળગતીએ ચાલતી કામગીરીને લઈને લોકો મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ વિસ્તારના લોકોને પીવાનું પાણી મળતું નથી. ત્યાં દરરોજ પીવાના શુદ્ધ પાણીનો વ્યય થવા માંડ્યો છે. ત્યારે,સ્થાનિક લોકોએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.

## પ્રોહિબિશનના ગુનામાં 3 વર્ષથી ફરાર આરોપી દમણથી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.5

કારેલીબાગ પોલીસ સ્ટેશનના ગુનામાં સંડોવાયેલ સંદિપ ઉર્ફે બંટી કામલી (રહે. દમણ દમણ ખાતે હાજર હોવાની ચોક્કસ હકિકત મળી હતી. જેના આધારે ટીમના માણસોએ દમણ ખાતે જઈ આરોપી સંદિપ ઉર્ફે બંટી નવિનભાઈ કામલીને ત્યાં પહોંચી ઝડપી પાડ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીની પુછપરછ કરતા વર્ષ 2022ના કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનના ગુનામા અને પોતાની ધરપકડ ટાળવા 3 વર્ષથી ફરાર હોવાની હકિકત જણાઈ આવી હતી. જેથી આરોપીને હસ્તગત કરી આગળની તપાસ માટે કારેલીબાગ પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય પકડાયેલ આરોપી સંદિપ ઉર્ફે બંટી કામલી ગત 21/6/2022 ના રોજ વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલ ભાવના રોડવેઝના વાપી ખાતેથી આવેલ પાર્સલ ગાડીમા અસલ ગુડ્સ કન્સાઈમેન્ટના પાર્સલની આડમાં વિદેશી દારૂનો રૂ.2.30 લાખનો જથ્થો ઝડપાયો હતો.

### કલા ભવન ખાતે ગરમ કપડાં બજાર ખાલીખમ




■ વડોદરા શહેરમાં છેલ્લા ગણાં દિવસોથી ઠંડીનું જમાવટ થતી નથી. અગાઉ તાપમાનનો પારો 12 ડિગ્રી નીચે જઈને ફરી પાછો 25 ડિગ્રી સુધી પહોંચતા શહેરમાં ફરી ગરમીનો જોર વધ્યો હતો. શહેરીજનોને ઠંડીની રક્ષણ મળે તે માટે કલા ભવન ખાતે ગરમ કપડાં બજાર ભરાય છે જ્યાં હજુ સુધી ઘરાકી જામતી નથી.

## તાપમાનનો પારો ગગડીને 14.4 ડીગ્રી પર પહોંચતા ઠંડીનું જોર વધ્યું

( પ્રતિનિધિ )વડોદરા,તા.5

વડોદરા શહેરમાં શુક્રવારે મહત્તમ તાપમાન 29.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 14.4 ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા એક સપ્તાહ બાદ હવે ધીમે ધીમે ઠંડીનો પારો નીચે ગગડી રહ્યો છે. જેના કારણે નગરજનોને ફરીથી ઠંડીનો અનુભવ થવા માંડ્યો છે. આગામી તારીખ 10-13 અને 14 ડિસેમ્બર ના રોજ વેસ્ટન ડીસ્ટર્બન્સ આવશે. નિષ્ણાતોના મતે ડિસેમ્બરનું વેસ્ટન ડીસ્ટર્બન્સ પ્રબળ હોવાથી હિમ વર્ષાની સંભાવના વધુ છે. જેના કારણે આગામી દિવસોમાં વડોદરામાં વધુ પારો ગગડે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી છે. વડોદરા શહેરમાં શુક્રવારે મહત્તમ તાપમાન 29.6 ડિગ્રી લઘુતમ તાપમાન 14.4 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 82% અને સાંજે 48% નોંધાયું હતું. કેટલાક દિવસોથી વડોદરા શહેરનું તાપમાન 15 ડિગ્રીએ સ્થિર રહેવા પામ્યો હતો.

# ઈન્ડિગોની હવાઈ મુસાફરી ઠપ્પ : એર ઈન્ડિયા દ્વારા 2 ફ્લાઈટ્સનું સંચાલન

**મુંબઈ,** દિલ્હી, પુણે, હૈદરાબાદ અને ગોવાની ફ્લાઈટ કેન્સલ થતા મુસાફરોને હાલાકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

દેશની સૌથી મોટી એરલાઈનમાં પાયલટ અને ક્રૂ મેમ્બર્સની અછતના કારણે મોટી કટોકટી સર્જાય છે. દિલ્હી મુંબઈ બેંગલુરુ ચેન્નાઈ અને હૈદરાબાદ સહિતની સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ રદ કરવામાં આવી રહી છે. ઈન્ડિગોનો સમયસર ઉડાનદર હવે ઘટીને તળિયે જઈ રહ્યો છે. ઈન્ડિગો અને તેના 434 વિમાનો સાથે દરરોજ 2000 ઉપરાંત ફ્લાઈટ ચલાવે છે. જે એર ઈન્ડિયાની દૈનિક ફ્લાઈટ કરતાં બમણી છે. જો 10-20 ટકા ફ્લાઈટને અસર થાય તો 200થી 400 જેટલી ફ્લાઈટ અને હજારો મુસાફરોને અસર થાય છે. છેલ્લા એક મહિના ઉપરાંતના સમયથી ઈન્ડિગોની ફ્લાઈટ રદ થવાના બનાવ વધી રહ્યા છે. ઈન્ડિગોની દિલ્હીની ફ્લાઈટ પણ ગુરુવારે રદ થઈ હતી. જ્યારે બેંગ્લોરની ફ્લાઈટ સાત કલાક મોડી પડી હતી. આ ઉપરાંત ઈન્ડિગોની દિલ્હીની ફ્લાઈટ ચાર કલાક મોડી રાત્રે 10:30 કલાકે આવી હતી. પાયલોટની અછત સર્જાવાના કારણે ફ્લાઈટ રદ થઈ રહી છે. સતત ચોથા દિવસે પણ શુક્રવારે ઈન્ડિગોની મુંબઈ-વડોદરા- મુંબઈની ફ્લાઈટ 6E-5126/ 6087, ઈન્ડિગોની દિલ્હી-વડોદરા-દિલ્હીની ફ્લાઈટ 6E-5066/ 6662, ઈન્ડિગોની પુણે-વડોદરા-પુણેની ફ્લાઈટ 6E-6241/6245 અને ઈન્ડિગો હૈદરાબાદ-વડોદરા-ગોવાની પણ ફ્લાઈટ 6E-2178/105 પણ ઓપરેશનલ કારણોસર રદ કરવામાં આવી હતી. ત્યારે, ઈન્ડિગો દ્વારા તાજેતરમાં રદ કરાયેલી ફ્લાઈટ્સને કારણે અને વડોદરા એરપોર્ટ પર ફસાયેલા મુસાફરોને સુવિધા આપવા માટે, એર ઈન્ડિયા શુક્રવારે અને શનિવારે દિલ્હી-વડોદરા-દિલ્હી સેક્ટર પર 02 વધારાની ફ્લાઈટ્સનું સંચાલન કરી રહી છે.

#### બાપોદ ટાંકીનો પાવર કાપ્યો; SCADA અને પાલિકાના સંકલનનો અભાવ

# MGVCLના માત્ર રૂ. 6500ના બિલ માટે પૂર્વ વિસ્તારના 1600 પરિવારો પાણી વિના રહ્યા!

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં પાણીની સમસ્યા આમ પણ કાયમી માથાનો દુખાવો છે, ત્યારે શુક્રવારે સવારે વીજ નિગમ (MGVCL) દ્વારા બાપોદ ટાંકીના સ્માર્ટ મીટરનું માત્ર રૂ. 6500નું નજીવું વીજળી બિલ ન ભરાતા કનેક્શન કાપી નાખવામાં આવ્યું હતું. જેના પરિણામે, ટાંકી પર નિર્ભર વૈકુંઠ રેસિડેન્સીના અંદાજે 1600 પરિવારો સવારે 8 વાગ્યે મળતા પાણીથી વંચિત રહી ગયા હતા, જેનાથી સ્થાનિકોમાં ભારે હાલાકી અને રોષ ફેલાયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આજે સવારે સોશિયલ મીડિયા પર આ અંગેનો એક મેસેજ ફરતો થયો હતો. મેસેજમાં જણાવાયું હતું કે બાપોદ ટાંકીના વૈકુંઠ તરફના વિતરણ ઝોનનો સપ્લાય સવારે 8 વાગ્યે શરૂ થવાનો હતો, પરંતુ મુખ્ય SCADA સિસ્ટમનો ઈલેક્ટ્રિક સપ્લાય MGVCL દ્વારા કાપી નાખવામાં આવ્યો છે. SCADAનું માત્ર રૂ. 6500નું લાઈટ બિલ ભરવામાં ન આવતાં આ કનેક્શન કપાયું હોવાથી પાણી વિતરણ વ્યવસ્થામાં વિલંબ થશે. સ્થાનિક સ્તરે તપાસ કરતા જાણવા મળ્યું કે પાલિકા તંત્રના નેજા હેઠળની બાપોદ



ટાંકીના સ્માર્ટ મીટરનું રૂ. 6500નું બાકી બિલ SCADA દ્વારા ભરવામાં આવ્યું નહોતું, જેના કારણે સ્માર્ટ વીજ મીટર માંથી આપોઆપ કનેક્શન બંધ થઈ ગયું હતું.

આ સમગ્ર મામલે SCADA તરફથી ખુલાસો કરવામાં આવ્યો હતો કે બાપોદ ટાંકીએ લગાવવામાં આવેલા સ્માર્ટ મીટરમાં પ્રીપેઈડ અને પોસ્ટ પેઈડ એમ બે વિકલ્પો હોય છે, પરંતુ આ જગ્યાએ માત્ર પ્રીપેઈડનો વિકલ્પ યથાવત રાખવામાં આવ્યો હતો. જેથી નિયત તારીખે વીજબિલ ન ભરાતા વીજ કંપની દ્વારા કનેક્શન બંધ થયું છે.

જોકે, SCADAએ એવો પણ દાવો કર્યો હતો કે કનેક્શન કપાયું હોવા છતાં, પાણી વિતરણને કોઈ લેવાદેવા નહોતી અને વાલ્વ ખોલી નાખવામાં આવતા સ્થાનિક લોકોને તાત્કાલિક પાણી મળી જશે. SCADAના દાવા છતાં, વૈકુંઠ રેસિડેન્સીના રહીશોને સવારના 11 વાગ્યા સુધી પાણી મળ્યું નહોતું. કોર્પોરેશન સંચાલિત SCADA સિસ્ટમનું બિલ પાલિકા તંત્ર દ્વારા સમયસર ન ભરવામાં આવતા પૂર્વ વિસ્તારની એક મહત્વની ટાંકીનો વીજ સપ્લાય કપાયો અને તેના કારણે 1600 પરિવારો સવારના પાણીથી વંચિત રહ્યા. પરિણામે, અનેક પરિવારોના મોભીઓ સ્નાનાદિ પ્રવૃત્તિઓથી વંચિત રહીને પોતપોતાના કામ-ધંધે કે નોકરી માટે ઘરેથી નીકળી જવાની નોબત આવી હતી. માત્ર રૂ. 6500ના બિલ માટે MGVCL દ્વારા કનેક્શન કાપવું અને ત્યારબાદ SCADA તરફથી સમયસર પાણી વિતરણનો ખોટો દાવો કરવો, આ સમગ્ર ઘટનામાં કોણ સાચું અને કોણ ખોટું, તે બાબતે બંને પક્ષે ગંભીરતાથી વિચારવું રહ્યું.

#### શિક્ષણ બોર્ડે છબરડા બાદ ભૂલ સુધારી પરિપત્ર જાહેર કર્યો

# બોર્ડની ધો.10 અને 12ની ધુળેટીના દિવસે પણ પરીક્ષા

**જાહેર રજાના** દિવસે પણ પરીક્ષાનું સમયપત્રક તૈયાર થતા વાલીઓ અને વિદ્યાર્થીઓ મૂંઝવણમાં

(પ્રતિનિધિ) વડોદરા,તા.5

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વધુ એક છબરડો સામે આવ્યો છે. વર્ષ 2026માં લેવાનારી બોર્ડની પરીક્ષાનું સમય પત્રક જાહેર રજા જોયા વગર જ જાહેર કરી દેવામાં આવ્યું હોવાનું સપાટી પર આવવા પામ્યું છે.

વર્ષ 2026માં ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધોરણ 10 અને 12 ની પરીક્ષાનું પેપર જાહેર રજાના દિવસે જ રાખવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ મૂંઝવણમાં મુકાયા છે. રંગોના તહેવારના દિવસે જ બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતામાં મુકાઈ ગયા છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ પહેલી વખત આ પ્રકારની ભૂલ કરવામાં આવી નથી, અગાઉ પણ વર્ષ 2023માં ચેટીચાંદના પર્વના દિવસે જ બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે બાદ રજૂઆતના આધારે તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ત્યારે, હવે આગામી વર્ષે પણ ધુળેટીના દિવસે બોર્ડની પરીક્ષાનું પેપર લેવાનું આયોજન કરવામાં આવતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. નોંધનીય છે કે, ચાર માર્ચે ધુળેટી હોવા છતાં બોર્ડની પરીક્ષાનું પેપર ગોઠવવામાં આવ્યું છે.